જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૪/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૮૨૪/૧૭

### વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલતી નરોડા પોલીસ

ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ વાહનચોરીના ગુના શોધવા કરેલ સુચના અંગેની કામગીરીમા પોલીસ ઇન્સશ્રી આર.બી.રાણા નાઓએ આપેલ માર્ગદર્શન મુજબ સર્વેલન્સ સ્ક્વોડના સ્ટાફના માણસો દ્વારા વાહનચોરીના ગુના બનતા અટકાવવા કામગીરી હાથ ધરતા સર્વેલન્સ ક્વોડના માણસો પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી આધારે એક હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ કાળા કલરનુ વાદળી પટ્ટાવાળુ જેનો આર.ટી.ઓ નંબર -જીજે-૧-ડી.એમ-૨૧૮ ની સાથે આરોપી પારસ સુરેશભાઇ દાણીધારીયા ઉવ ૨૫ રહે મ.નં-૨૦,વ્રજવિહાર સોસાયટી,વ્યાસવાડી પાસે,કઠવાડા રોડ,નરોડા, અમદાવાદ શહેર નાને નરોડા નવયુગ સ્કુલ કેનાલ પાસેથી પકડવામા આવેલ છે.

ઉપરોક્ત પકડાયેલ મો.સા બાબતે તપાસ કરતા સદરી મો.સા ચોરી બાબતે નિકોલ પો.સ્ટે ફર્સ્ટ ગુ.ર.નં-૮૯/૧૭ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ છે.અને સદરી આરોપીએ આ સિવાય અન્ય કોઇ ઘરફોડ ચોરીના કે વાહનચોરીના ગુન્હા કરેલ છે કે કેમ તે અંગે હાલમા તપાસ ચાલુ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી નરોડા વિસ્તારની સ્કૂલના બાળકોને તેમજ નાગરીકોને સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)